# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/ક્વા-૪/૨૦૧૯-૨૦/૩૨ તા.૨૯.૦૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૪/ક્વા-૪/૨૦૧૯-૨૦**

અરજદાર: શ્રી પુંજાભાઈ દેવસીભાઈ સુવા ગામ – જુવાનગઢ

સબડીવીઝન: વડાત્રા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી ખંભાળિયા

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ખંભાળિયા

તારીખ: શુક્રવાર (૦૮.૦૧.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૦૧.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમોએ એસ.આર. નં. ૯૦૦૫૧૨૭ અન્વયે ભરેલ અંદાજપત્ર તા. ૧૬/03/૧૮ ના રસીદ નં.૩૦૮૧૦૧ થી રૂ.૩૬,૫૦૦/- ભરેલ અને અમો જુવાનગઢ ગ્રામ પંચાયત ની હદ માં સર્વે નં.૭૩૩ માં ૭.૫ હોર્સ પાવર નું સૌર ઉર્જા પંપ સેટ મેળવવા પીજીવીસીએલ વડાત્રા સબ ડિવિઝન માં અંદાજપત્ર ભરપાઈ કરેલ છે.

આમ છતાં આજ દિન સુધી અમોને સૌર ઉર્જા પંપ સેટ આપવામાં આવેલ નથી. ઓફિસ માં રૂબરૂ તપાસ કરતાં તમો નાણાં રીફંડ માંગી લો તેવું જવાબદાર અધિકારી એ મૌખિક જણાવેલ છે અને કોઈ જાત નો લેખિત પત્ર વ્યવહાર કરવામાં આવેલ નથી.

અમારી અરજી ધ્યાને લઈ સત્વરે અમોને સૌર ઉર્જા પંપ સેટ ફાળવવા નાયબ ઈજનેરશ્રી,વડાત્રા પેટા વિભાગીય, ખંભાળિયા ને યોગ્ય હુકમ કરવા આપ સાહેબ ને નમ્ર વિનતિ.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર શ્રી પુંજા દેવશી સુવા રે. જુવાનગઢ, સર્વે નંબર ૭૩૩ માં સૌર ઉર્જા પંપ સેટ વાળું ખેતીવાડી જોડાણ મેળવવા માટે ૩૧.૧૨.૨૦૧૫ ના રોજ અરજી કરેલ. અને રૂપિયા ૩૬૫૦૦/- રસીદ નંબર ૩૦૮૧૦૧ તારીખ ૧૬.૦૩.૨૦૧૮ થી ભરીપાઈ કરેલ પરંતુ વડતરા કચેરી ના સામેલ પત્ર નંબર વીએસડી/આરઇ /૧૨૦૨૧ તારીખ ૦૭.૦૮.૨૦૧૮ મુજબ મજકૂર ના વીજબિલ ના નાણાં બાકી હોવાથી વિભાગીય કચેરી દ્વારા મેઈલ દ્વારા વર્તુળ કચેરી ને તારીખ 07.08.2018 થી જણાવેલ તેમજ સદર કામગીરી માટે એજન્સી નક્કી થયેલ ન હોઈ આગળની કાર્યવાહી થઈ શકેલ નહીં.

૩.૧ દરમિયાન ઉર્જા અને પેટ્રો કેમિકલ વિભાગ ગાંધીનગર ના તારીખ ૨૦.૦૬.૨૦૧૯ ના પત્ર મુજબ તથા જીયુંવીએનએલ ના પત્ર નંબર GUVNL/TECH/SOLAR CELL/1243 DT. 01.07.2019 મુજબ જે તે ગ્રાહક ના નોંધણી ચાર્જ કે અંદાજપત્રક ભરપાઈ કરેલ હોઈ તે રકમ વિના વ્યાજે પરત કરવા પાત્ર છે..

૩.૨ વડતરા કચેરી ના પત્ર નંબર વીએસડી/ટેક/1593 તારીખ ૦૬.૦૨.૨૦૨૦ તથા ટેકનિકલ વિભાગ ની ઓફિસ નોંધ તારીખ ૦૭.૦૨.૨૦૨૦ મુજબ મજકૂર અરજદાર ને સદર સૌર ઉર્જા પંપ સેટ પેટે ભરપાઈ કરેલ અંદાજ પત્રક ની રકમ રૂપિયા ૩૬૫૦૦/- પરત કરવા માટે તારીખ ૧૯.૦૨.૨૦૨૦ ના રોજ ખર્ચ વિભાગ ને દરખાસ્ત રજૂ કરેલ છે અને અરજદાર ના નામનો ચેક નંબર ૨૯૨૫૦૫ તારીખ ૨૮.૦૨.૨૦૨૦ નો કાઢી આપેલ છે જે લઈ જવા માટે અરજદાર ને મૌખિક જાણ કરતાં ચેક લઈ જવાની ના પાડતા તારીખ ૦૯.૦૩.૨૦૨૦ ના રોજ બાય પોસ્ટ મોકલી આપેલ છે જે અરજદાર દ્વારા સ્વીકારેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે કોર્પોરેટ ઓફિસ ના જીયુવીએનએલ ના પત્ર નં. GUVNL/TECH/SOLAR CELL/1243 DT. 01.07.2019 તથા પીજીવીસીએલ રાજકોટ કોર્પોરેટ ઓફિસ ના પત્ર નં. PGVCL/PROJ/1/SWP/616 DT. 03.07.2019 મુજબ જે તે ગ્રાહક ના નોંધણી ચાર્જ કે અંદાજપત્રક ભરપાઈ કરેલ હોય તે રકમ વિના વ્યાજે પરત કરવાપાત્ર છે.

૪.૨ સરકાર શ્રી ની આ યોજના બંધ થયેલ હોવાથી પીજીવીસીએલ કંપની ના નિયમોનુસર ચાર્જ અરજદાર શ્રી ને પરત આપવા માં આવેલ છે. અને કનેક્શન આપવા માં આવેલ નથી. જે નિયમાનુસાર કાર્યવાહી થયેલ છે.

૪.3 આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી બી.પી.બુચ
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯